# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

## તારીખ : ૨૧-૦૮-૨૦૨૪ બુધવાર સમય : સવારે ૬:૪૫ કલાકે

---

## વિધાનસભા સત્ર:

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર આવતીકાલથી શરૂ થઇ રહ્યું છે. પંદરમી વિધાનસભાના પાંચમુ સત્ર ત્રણ દિવસનું રહેશે.. આ સત્રના પ્રથમ દિવસની શરૂઆત શોકદર્શક ઠરાવો દ્વારા થશે..

ગુજરાત વિધાનસભામાં પૂર્વ ધારાસભ્યો અને અન્ય રાજકીય આગેવાનોના નિધન અંગે શોકદર્શક ઠરાવ પસાર કરીને તેમને શ્રધ્ધાંજલી અર્પવામાં આવશે..ત્યારબાદ સરકારી વિધેયકો અને સરકારી કામકાજ કરવામાં આવશે.. પહેલા દિવસે બે સત્રમાં કામગીરી કરવામાં આવશે. જ્યારે સત્રના બીજા દિવસે સરકારી વિધેયકો રજૂ કરાશે અને ગૃહના કામકાજના સમય દરમિયાન આ કામગીરી અને વિધયકો ઉપર ચર્ચા કરવામાં આવશે. જ્યારે સત્રના ત્રીજા અને અંતિમ દિવસે સરકારી વિધેયકો અને સરકારી કામકાજ કરવામાં આવશે , અને સત્રમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરીને ગૃહનું સમાપન કરવામાં આવશે.

- (RNU અમદાવાદ)

---

## સલાહકાર સમિતિ બેઠક:

ગાંધીનગરમાં વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિની બેઠક અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં મળી હતી. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં સત્રના કામકાજની ચર્ચા કરવામાં આવી હતી.. કાળા જાદુ, યુનિવર્સિટીના સુધારા વિધેયકો, જીએસટીના બિલો એમ કુલ પાંચ બિલો પસાર કરવામાં આવશે, તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેષ પટલે જણાવ્યું હતું.

આ અંગે બૃહદ ચર્ચા ગૃહમાં થઈ શકે તેવો સમય હોય છે, ટુંકી મુદ્દતનું સત્ર હોવાના કારણે ટૂંકા પ્રશ્નો આવરી લેવાયા છે . તેમ ઋષિકેષ પટેલે જણાવ્યું હતું.. જ્યારે કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ સત્ર લંબાવવા માંગ કરી હતી...

- (RNU અમદાવાદ)

---

## જન પોષણ કેન્દ્ર:

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી એ વર્ચ્યુઅલ માધ્યમથી વાજબી ભાવની દુકાનોને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવાના પાઇલટ પ્રોજેક્ટનો આરંભ કરાવ્યો હતો..

આ પાઇલટ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં અમદાવાદ શહેરની કુલ ૧૫ સરકાર માન્ય વાજબી ભાવની દુકાનોને 'જન પોષણ કેન્દ્ર 'માં પરિવર્તિત કરવામાં આવી હતી.. દેશનાં ૪ રાજ્યોમાં વાજબી ભાવની ૬૦ દુકાનોને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવામાં આવી હોવાનું કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું.. તેમણે કહ્યું હતું કે આ દુકાનોનો લાભ ગ્રાહકોને જ નહિ દરેક દુકાનદારને પણ મળશે, અમૂલની પ્રોડક્ટ પણ આ દુકાનમાં મળશે.

- (RNU અમદાવાદ)

---

## કોલકાતા કેસ-રાષ્ટ્રીય કાર્યદળ રચના:

સર્વોચ્ચ અદાલતે મેડિકલ ક્ષેત્રના વ્યાવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા રાષ્ટ્રીય કાર્યદળની રચના કરી છે. કોલકતાની હોસ્પિટલમાં એક ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યા કેસની સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયમૂર્તિ ડીવાય ચંદ્રચૂડનાં વડપણ હેઠળની બેન્ચે ત્રણ સપ્તાહમાં વચગાળાનો અહેવાલ અને બે મહિનામાં અંતિમ અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

દેશભરમાં ડોક્ટર્સ અને મેડિકલ વ્યાવસાયિકો માટે અસલામત કાર્ય વાતાવરણ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતાં અદાલતે જણાવ્યું કે , વર્તમાન કાયદાઓ ડોક્ટર્સની સલામતી માટે અપૂરતા છે.

દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કેન્દ્ર સરકારની તમામ હોસ્પિટલોનાં વડાઓને પત્ર લખીને હોસ્પિટલોમાં સલામતી વધારવા નિર્દેશ આપ્યો છે.

- (RNU અમદાવાદ)

---

## સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ:

કૃષિમંત્રી રાઘવજી પટેલના હસ્તે "સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ"ના ૮૨ લાભાર્થીઓને ૧૭ કરોડ રૂપિયાથી વધુની સહાય વિતરણ કરાઈ.

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ (૨૦૧૬-૨૧) હેઠળ નોંધાયેલા કૃષિ ઉદ્યોગ સાહસિકોને સહાય વિતરણ કરવાનો સમારોહ યોજાયો હતો. શ્રી પટેલે લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે , રાજ્ય સરકારની મહત્વકાંક્ષી સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં આવવાથી કૃષિ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોને

પ્રોત્સાહન અને નાણાકીય સહાય મળી તેમજ કૃષિ ક્ષેત્રે મૂલ્યવર્ધનની તકો અનેકગણો વધારો થયો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ હતું કે , સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં આવતા રાજ્યના કૃષિ ઉદ્યોગોમાં મૂડીરોકાણોને વેગ મળ્યો છે. સાથે જ ખેડૂતોની આવકમાં પણ વધારો થયો છે. આ નીતિના માધ્યમથી રાજ્યના અનેક કૃષિ ઉદ્યોગો અને ઉદ્યોગો થકી ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની વધુ તકો ઉભી થઇ રહી છે

- (RNU અમદાવાદ)

---

## ઘોરાડ પક્ષી વસ્તી:

સમગ્ર ભારતમાં ઘોરાડ કુળના ત્રણ પક્ષીઓ ટીલોર , ખડમોર અને ઘોરાડ એક જ સ્થળે જોવા મળતા હોય તેવું એક માત્ર સ્થળ અબડાસા છે. જિલ્લામાં વનવિભાગ આજે અને આવતીકાલે બે દિવસીય વસ્તી અંદાજ કરશે.

ઉલ્લેખનીય છે કે, લેસર ફ્લોરિકન પક્ષીનું રહેઠાણ ખડ (ઘાસ) હોવાથી તેને ખડમોર કહેવાય છે. ગુજરાત રાજ્યમાં ભયજનક સ્થિતિમાં મુકાયેલ આ પક્ષી વર્ષ 2011માં કચ્છમાં 100 ખડમોર નોંધાયેલા હતા ,જો કે 2019માં માત્ર બે જ પક્ષીઓ નોંધાયા હતા. વૈશ્વિક વસ્તી IUCN અનુસાર ખડમોરની વૈશ્વિક વસ્તી માત્ર 1500થી પણ ઓછી બચી છે,જે ઘટી રહી છે.

- (NP, વિરલ રાણા)

---

## વરસાદ:

જીલ્લામાં બે દિવસથી ગરમી અને ઉકળાટ વચ્ચે વાગડ વિસ્તારમાં રાપર તાલુકાના ગામો માં અડધાથી બે ઇંચ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

- (NP, વિરલ રાણા)

---